સે. ૩માં બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૩ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા મહા

શિવરાત્રીના પાવન પર્વની ઉજવણી કરાઈ હતી. જેમાં ભાવિક ભક્તોને શિવ અવતરણનો વિડિયો શો બતાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેક્ટર-૧માં આવેલ સમદર્શન આશ્રમના સમાનંદ ગુરુમાએ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યા હતા.

આ ધાર્મિક ઉત્સવમાં બ્રહ્માકુમારીઝ દ્વારા પરમાત્મા શિવનો સત્ય પરિચય આપવા માટે સર્વ ધર્મ આત્માઓના પિતાની ચૈતન્ય ઝાંખી, આધ્યાત્મિક પ્રદર્શન તથા ત્રિદિવસીય રાજયોગ શિબિરનું પણ આયોજન કર્યું હતું. આ પ્રસંગે વોર્ડ નં. ૧૦ના મ્યુનિસિપલ કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી, સાંઈબાબા મંદિરના પ્રમુખ નરેન્દ્રભાઈ શાહ, રામેશ્વર મંદિરના ટ્રસ્ટી વલ્લભભાઈ પટેલ, નાગરિક બેંકના મેનેજીંગ ડિરેક્ટર વિક્રમભાઈ પટેલ, સામાન્ય વિભાગના સંયુક્ત સચિવ સી.એમ. સદાદિયા, અગ્ર સચિવ એ.ડી. પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બ્રહ્માકુમાર મનોજભાઈએ શિવરાત્રીનું મહત્વ સમજાવ્યું હતું અને બ્રહ્માકુમારી સુનિતાદીદીએ સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ હતુ આ કાર્યક્રમનું સંચાલન નિવૃત્ત નાયબ સચિવ રસિકભાઈ કટારાએ કર્યુ હતુ. આ કાર્યક્રમનો લગભગ બારસોથી પણ વધારે પ્રભુ ભક્તોએ લાભ લીધો હતો.

સર્કલોની જાળવણીના મામલે જવાબદાર સંસ્થાઓમાં નિરસતા

ગાંધીનગર, તા. ૩

શહેરના વિકસિત સર્કલોની જાળવણીના મામલે જવાબદાર સંસ્થાઓનો કોન્ટ્રાક્ટ રીન્યુ કરવાની દરખાસ્ત લાંબા સમયથી વિભાગકક્ષાએ પડતર છે. જ્યારે નવા સર્કલો વિકસાવવાના મામલે પણ કોઈ નિર્ણય ન લેવાતા વર્ષના અંતે પણ આ સર્કલોને આગવી ઓળખ મળી નથી. જ્યારે જાળવણીના મામલે પણ નિરસતા સેવાતા સર્કલો દિનપ્રતિદિન આકર્ષણ વિહોણા બનતા જાય છે.

સર્કલોની નગરી તરીકે ઓળખાતા નગરમાં સર્કલ વિકાસની યોજના અન્વયે વર્ષો પૂર્વે વિવિધ થીમને ધ્યાને લઈ મુખ્યમાર્ગો પરના સર્કલોને વિકસાવવામાં આવ્યા હતા. આ મામલે વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે સર્કલ સુશોભનની જાળવણી માટે નિયત સમયનો કોન્ટ્રાક્ટ પણ કરવામાં આવ્યો હતો. સમયાંતરે તંત્રકક્ષાએથી આ મામલે રીન્યુઅલની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવે છે. પરંતુ લાંબા સમયથી તંત્રકક્ષાએથી વિભાગને મોકલવામાં આવેલી આ દરખાસ્ત પડતર રહેતા સર્કલોની જાળવણીના કામમાં જવાબદાર સંસ્થાઓ પણ નિરસતા દાખવી રહી હોવાનુ ધ્યાને આવ્યું છે. શહેરમાં અંદાજિત ૨૬ સર્કલો પૈકી ૨૦ વિકસિત કરાયા છે, જ્યારે નવા અસ્તિત્વમાં આવેલા સર્કલો પણ સુશોભન અને વિકાસના અભાવે આકર્ષણ વિહોણા ભાસી રહ્યા છે. આવા સંજોગોમાં સર્કલોની દરકાર લેવામાં બેદરકારી દાખવતી સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સર્કલોની જાળવણીમાં રસ ન દાખવતી હોય તેવી સંસ્થાઓનો કોન્ટ્રાક્ટ પણ રદ કરવામાં આવશે.

શહેરમાં પાણી-ગટર વેરો વસુલવા તંત્રએ ઝુંબેશ શરુ કરી

૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી અંદાજિત ૩ કરોડ વસુલાશે

ગાંધીનગર, તા.૩

શહેરમાંથી પાણી-ગટરના વેરા અન્વયે અંદાજિત રૂ. ૩ કરોડનું માંગણું વસુલવા તંત્ર દ્વારા ઝુંબેશ શરુ કરી દેવાઈ છે. આ દરમિયાન પાણી-ગટર વેરાની જુના માંગણી સંદર્ભે પણ બાકીદારો પાસેથી વેરાની રકમ વસુલવામાં આવશે.

વર્ષ ૨૦૧૪-૧૫ને અનુલક્ષી પાણી વિભાગ દ્વારા શહેરના જૂના અને નવા સેક્ટરો ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાંથી પાણી ગટર વેરો વસુલવા તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત મહિના દરમિયાન આ મામલે બિલ વિતરણની કામગીરી પૂર્ણ કરી દેવાયા બાદ માર્ચના પ્રારંભથી અંદાજિત ૩ કરોડા બાકી માંગણાની વસુલાત માટે કાર્યવાહી શરુ કરી દેવાઈ છે. શહેરમાં પાણી-ગટરની પાયાની સુવિધા પુરી પાડવા તંત્ર દ્વારા પ્રતિ વર્ષ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે પરંતુ પાણીના બેફામ બગાડના અંતે પણ પાણી વેરો ભરપાઈ કરવામાં ઉદાસીનતા સેવાતા તંત્રના ચોપડે વર્ષો જૂના બાકી માંગણાનો આંકડો પણ તોતિંગ હોવાનું ધ્યાને આવ્યું છે.

થોડા સમય અગાઉ આ મામલે તંત્ર દ્વારા કડક અભિયાન હાથ ધરી જૂના માંગણાની રીકવરી અન્વયે રૂ. ૧૦ લાખ વસુલ્યા હતા. પાણી-ગટરના ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા ઝંબેશ શરુ કરી દેવાઈ છે. જૂના અને નવા સેકટરોમાં વસુલાત માટે કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. જયારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાંથી પણ વેરાની રકમ વસુલવા તંત્રએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પાણી-ગટર વેરો નહીં ચુકવનાર નાગરિકોના પાણી જોડાણ કાપવા સુધીના પગલા લેવા પણ તંત્રએ તૈયારી દર્શાવી છે.

દેશમાં નિકાસ થતી દવાઓ પૈકી ૨૮ ટકા ગુજરાતમાં ઉત્પાદન

યુ.એસ.એફ.ડી.એના કન્ટ્રી ડાયરેક્ટર ડૉ. અલતાફ એ. લાલ ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર, તા. ૩

ગુજરાતની મુલાકાતે આવેલા યુ.એસ.એફ.ડી.એ.ના કન્ટ્રી ડાયરેક્ટર ડૉ. અલતાફે આજે ખોરાક અને ઔષધ નિયમન કમિશનરની કચેરીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન યોજાયેલી એક બેઠકમાં આઈ.ટી. ક્ષેત્ર તથા ખોરાક અને ઔષધમાં થતી ગેરરિતિઓ અટકાવવા બાબતે પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું હતું. ડૉ. અલતાફે જણાવ્યું હતું કે દેશમાં નિકાસ થતી દવાઓ પૈકી ૨૮ ટકા દવાઓ ગુજરાતમાં ઉત્પાદિત થાય છે.

આ મુલાકાત દરમ્યાન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠકનું આયોજન કર્યુ હતુ. જેમાં ચર્ચા-વિચારણા કરવામાં આવે. જેમાં આ તંત્રના માળખા બાબતે, આઈ.ટી. ક્ષેત્રે તથા આ તંત્ર દ્વારા ખોરાક અને ઔષધમાં થતી ગેરરીતિઓ રોકવા અને પકડવા બાબતે કામગીરી અંગે એક પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. ડૉ. અલતાફ એ. લાલને આ તંત્ર દ્વારા સેલ્સના પરવાનાઓ ઓન લાઈન આપવામાં આવે છે તેમજ જ્યારે પણ દવા સબ સ્ટાન્ડર્ડ થાય છે ત્યારે એસ.એમ.એસ. દ્વારા દવાના ઉત્પાદકો-વિક્રેતાઓને તાત્કાલિક સબ સ્ટાન્ડર્ડ દવાઓનું વેચાણ બંધ કરાવવા તેમજ દવાઓ પરત ખેંચી લેવા માટે જણાવવામાં આવતા તેઓ ખુબજ પ્રભાવિત થયા હતા. તેમણે જણાવ્યુ હતુ કે આ પ્રકારનું કામ ભારતભરમાં ગુજરાત રાજ્ય જ કરી શકે છે. ભારતમાં જે દવાઓની નિકાસ થાય છે તે પૈકી ૨૮ ટકા દવાઓ ગુજરાતમાં ઉત્પાદિત થાય છે. અને મોટાભાગની દવાઓ યુ.એસ.એ.માં એક્ષપોર્ટ થાય છે. તેમાં કોઈપણ જાતની ગેરરીતિઓ જોવા મળેલ નથી તેમ પણ ડૉ. અલતાફે જણાવ્યું હતું.

ગુજરાતમાં આશરે ૪૦ જેટલા દવાના ઉત્પાદકો યુ.એસ.એ. એફ.ડી.એ.ની માન્યતા ધરાવે છે. ડૉ. અલતાફની ગુજરાતની મુલાકાતથી ગુજરાત એફ.ડી.એ. અને યુ.એસ.એ. એફ.ડી.એ.ના સંબંધોમાં મજબુતી આવી છે. જેના પરિણામે ગુજરાત રાજ્યના દવાના ઉદ્યોગોને યુ.એસ.એ.માં દવાઓની નિકાસ કરવામાં ફાયદો થશે અને ફાર્મા ઉદ્યોગનું પણ ગૌરવ વધશે તેમ પણ વિભાગના કમિશનરે જણાવ્યું છે.

સાયબર ક્રાઈમ વધતા પોલીસ અધિકારીઓને જરૂરી તાલીમ અપાઈ

પીએસઆઈ કક્ષાના અધિકારીઓને સાયબર સેલમાં બોલાવી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૩

રાજ્યભરમાં સાયબર ક્રાઈમ ભયંકર રીતે વધી રહ્યો છે. ત્યારે આવા ગુનાઓ અટકાવવા શુ તકેદારી રાખવી તથા ગુનાઓ બને તો કેવા પગલા લેવા તે સહીતની તાલીમ આપવા માટે વિવિધ જિલ્લાના પીએસઆઈ કક્ષાના અધિકારીઓને પોલીસભવન સાયબર સેલ ખાતે બોલાવવામાં આવ્યા હતા. અને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

ગાંધીનગર ઉપરાંત રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં સાયબર ક્રાઈમ વધવા લાગતા આ પ્રકારના ગુનાઓને કેવી રીતે ટેકલ કરવા અને તેની કેવી રીતે તપાસ કરવી તે સહીતની બાબતો પોલીસને ખ્યાલ હોવો ખુબજ જરૂરી છે. ગુનાઓમાં સાયબર શબ્દ આવે છે ને ગુજરાતની મોટા ભાગની પોલીસનો પરસેવો છુટી જાય છે જેથી આમ ન થાય તે માટે સાયબર ક્રાઈમની વિગતો તથા તેને તપાસ કેવા મુદ્દાઓને ધ્યાને રાખીને કરવી અને શુ શુ તકેદારી અને પગલા લેવા તે સહિતની વિગતો ગાંધીનગર તથા અન્ય જિલ્લાઓના પીએસઆઈ કક્ષાના અધિકારીઓને પોલીસભવન ખાતે બોલાવીને સાયબર સેલ દ્વારા યોગ્ય માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી હતી.

એસ.ટી. ડેપોમાં ૧૪ ડ્રાઈવરો અને ૨૪ કડંકટરોની ભરતી

ડ્રાઈવર-કડંકટરોની ઘટનો જૂનો પ્રશ્ન હલ થયો

ગાંધીનગર, તા.૩

લાંબા સમયના અંતે ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર-કડંકટરોની ઘટનો પ્રશ્ન હલ થયો છે. એસ.ટી. સેન્ટ્રલ ઓફિસ કક્ષાએથી અગાઉ હાથ ધરાયેલી ભરતી પ્રક્રીયાના અંતે ડેપોમાં નવા ૧૪ ડ્રાઈવર તેમજ ૨૪ કડંકટરોની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવાના આયોજન અન્વયે તબક્કાવાર ડેપોને સ્પર્શતા પ્રશ્નો હલ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી ડેપોમાં દોડતી સી.એન.જી. બસો દૂર કરી હવે ની ડીઝલ બસો દોડાવવામાં આવી રહી છે. જેના પરિણામે મોટા ભાગની સીએનજી બસો પાછી ખેંચી નવી ડીઝલ બસો ફાળવવામાં આવી છે. આ ઉપરાંત ડેપો સંકુલને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. પરંતુ લાંબા સમયના અંતે ડેપો સંકુલમાં ચોકી માટે જગ્યા ફાળવવાનો મામલો હજુ પણ ટલ્લે ચઢેલો છે. એસ.ડી.ડેપોને મોડેલ ડેપો બનાવવાનું સ્વપ્ન સાકાર કરવાની મથામણ હાથ ધરવામાં આવી છે. ત્યારે પુરતો મેનપાવર ઉપલબ્ધ કરવા પણ આયોજન થઈ રહ્યું છે. એસ.ટી.ડેપોમાં લાંબા સમયથી મિકેનીક ઉપરાંત ડ્રાઈવર કડંકટરોની ઘટનો પ્રશ્ન જટીલ બન્યો છે. ડેપોમાં ૩૪ ડ્રાઈવરો તેમજ ૩૨ કડંકટરોની લાંબા સયથી ઘટ હતી પરંતુ થોડા સમય અગાઉ અમદાવાદ સેન્ટ્રલ ઓફિસ કક્ષાએથી હાથ ધરાયેલી ભરતી પ્રક્રિયાના અંતે ડેપોને નવા ડ્રાઈવર-કડંકટરોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર ડેપોના ફાળે ૧૪ ડ્રાઈવર તેમજ ૨૪ કડંકટરોને ફરજ સોંપવામાં આવી છે. ડ્રાઈવર કડંકટરની ઘટનો પ્રશ્ન હલ થતા લગ્નગ્રંથિની સીઝન દરમિયાન રૂટીન બસ વ્યવહારના સંચાલનમાં પણ રાહત રહેશે. જો કે ડેપોમાં હજુ ૧૦ જેટલા મિકેનીકની પણ ઘટ છે.

ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા બે દિવસીય રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા બે દિવસીય જિલ્લા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની જિલ્લા રેલી ગઈ તા. ૨૫-૨૬ના રોજ મધુવન પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવી હતી. રેલીમાં જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાયા હતા. તા. ૨૫ના રોજ ગ્રુપના બાળકોએ વિવિધ મનોરંજનલક્ષી કાર્યક્રમો યોજ્યા હતા.

જિલ્લા રેલીમાં બે દિવસીય દરમિયાન વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રેલીથી થતા ફાયદા અને તેનુ જીવનમાં કેટલુ મહત્વ રહેલુ છે તે સમજાવ્યું હતું. આ પ્રસંગે વનસંરક્ષક હેમંતભાઈ સુથારે વિદ્યાર્થીઓને જીવનમાં વન અને પ્રાણીઓ વિશે ઉંડાણપૂર્વકની માહિતી પુરી પાડી હતી. વિદ્યાર્થીઓએ પ્રાણીઓ અને પક્ષીઓની માહિતી મેળવી ખુશી વ્યક્ત કરી હતી અને જણાવ્યુ હતું કે આ સ્કાઉટગાઈડ રેલીથી અમને પ્રાણીઓ વિશે નવુ નવુ જાણવા મળ્યું છે.

જિલ્લા રેલીમાં વિદ્યાર્થીઓએ છાવણી નિરીક્ષણ, ગાઠોની સ્પર્ધા, કેમ્પ ફાયર અને અવલોકન સ્પર્ધા યોજી હતી. જેમાં જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ઈનામ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ બે દિવસ ખુબ જ મજા કરી હતી.

બે દિવસીય રેલીમાં દિપકભાઈ ચૌધરી, વિશાલભાઈ ચૌધરી, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. ટી.એસ. જોષી, અર્જુનસિંહ વાઘેલા, કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા, નિવૃત્ત શિક્ષક ગુણવંતભાઈ પટેલ, શિક્ષણાધિકારી, આર.બી. ગોસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રેલીનું સંચાલન યુવરાજસિંહ વાઘેલા અને આઈ.સી. પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

યુવાનો માટે કાર્ય કરતી સંસ્થા જે.સી.આઈ.ની કારોબારી રચાઈ

ગાંધીનગર, તા. ૩

નગરની યુવાનો સાથે નાતો ધરાવતી સંસ્થા જે.સી.આઈ.ની કારોબારી રચવામાં આવી હતી. આ પ્રસંગે નવા વરાયેલા પ્રમુખે સંસ્થાનો અહેવાલ રજુ કર્યો હતો.

શહેરમાં યુવાનો સાથે સંકળાયેલી અને યુવાનોના વિકાસ માટે કાર્ય કરતી જે.સી.આઈ. સંસ્થાની કારોબારીની વરણી કરવામાં આવી હતી. જેમાં પૂર્વ પ્રમુખે ગત વર્ષનો અહેવાલ રજૂ કર્યો હતો અને જણાવ્યું હતું કે સંસ્થાએ ટુંકા સમયમાં હરણફાળ પ્રગતિ કરી છે. જે આપના માટે ગૌરવ લેવા જેવી બાબત છે.

કારોબારીમાં પ્રેસીડેન્ટ તરીકે સાત્વિક ત્રિવેદી, ચેરપર્સન મિતાલી ત્રિવેદી અને દિશા દેસાઈની વરણી કરવામાં આવી હતી. પ્રમુખે ત્રિવેદીએ આગામી ૨૦૧૪ના વર્ષમાં કરનાર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ સંસ્થાને આવનાર સમયમાં તેઓ ખુબજ આગળ લાવશે તેમ જણાવ્યુ હતુ.

આ પ્રસંગે ડૉ. ભાવિન પંડ્યા, ગઢવી સાહેબ, ડી.બી. પટેલ, કમલ જૈન, વિનોદ રાદડીયા, ડી.એસ. ગાંધી, સંજય થોરાત, રાહુલ મહેતા સહિત જે.સી.આઈ.ના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને નવી કારોબારીને શુભેચ્છાઓ પાઠવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯
સૂર્યાસ્ત : ૬.૩૮

તાપમાન

મહત્તમ : ૨૯.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૨૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૧૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :
હાઈવે : ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦, ૮.૪૦
હસી તો ફસી : ૫.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૧૫, ૧૨.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ગુન્ડે : ૧૦.૩૦, ૪.૩૦,૧૦.૩૦
હાઈવે : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
અનુરાધા : ૧૦.૧૫, ૪.૧૫
ગુન્ડે : ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ગુન્ડે : ૧૦.૦૦, ૪.૦૦
અનુરાધા : ૧.૦૦, ૧૦.૦૦
હાઈવે : ૭.૦૦

વિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

શૈક્ષણિક

- સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રી જે.બી. પ્રા.શા., શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા.શા., શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમરી સ્કૂલ અને શ્રીમતી એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રા.સ્કૂલ દ્વારા પૂ. દાસકાકા અને પૂ. દિવાળીબા સ્મૃતિ પારિતોષિક અર્પણ સમારોહ અને વાર્ષિકોત્સવ કાર્યક્રમ બપોરે ૧.૦૦ કલાકે શેઠ ખીમજી વિસરામ હોલ, કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

વૃષભ : વરિષ્ઠ વ્યકિતઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના છે. તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે.

મિથુન : વ્યવસાયીક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે.

કર્ક : વિવાદિત આર્થિક પ્રકરણોમાં સંયમપૂર્વક ઉકેલવા. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે.

કન્યા : અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય.

તુલા : અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય.

વૃશ્ચિક : વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા થશે. કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું.

મકર : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રા.

કુંભ : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. કંકુબેન ગીરધરદાસ પટેલ (ઉ.વ. ૮૭) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.